# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

માવઠાને માન પણ ક્યાંથી મળે!
એ વગર પરવાનગી ટપકી પડે!

માવઠું પહેલાં થતું નિશ્ચિત સમય,
હાલ એને કોઈ મોસમ ક્યાં નડે!

એ વિચારે છે જ ક્યાં ખેડૂતનું!
ક્યાં ખબર કંઈ, કેટલું, કોનું સડે?

વણકહ્યે આવેલ એ મહેમાન થઈ,
સૌ પ્રસંગોની પથારી ફેરવે!

ડો. ધીરજ એસ. બલદાણિયા

## પાથેય

- રમેશ ઠક્કર

# વણકહયુ મહેમાન...

માણસ હોય કે કુદરત જે સહજ હોય સમયસર હોય એનો જ મહિમા છે..આજનો તડકો ભ્રામક તો ના કહી શકાય પણ એમાં ચમક તો નથી જ ! માવઠું આમ તો કદીક કદકી જ જોવા મળતું..આજના જમાનામાં તો એ પણ મનસ્વી થતું જાય છે..ર

મારે જો કે માવઠા માટે એટલા આકરા થવું નથી...મને તો વિસ્મય છે તડકાનું..મને એની વિવિધ છટાઓ ગમે છે..બે ચાર દિવસ જો તડકો જોવા ના મળે તો જાણેઅજાણે એક ફડકો હૃદયમાં છવાઇ જતો હોય છે..મને શું માણસમાત્રને તલાશ હોય છે તડકાની ! મારા મતે તો તડકો એ જ આપણી મુળભુત જરૂરિયાત છે..વિજ્ઞાનીઓ અને સામાજિક અભ્યાસીઓ જો ફરીથી તારણ કાઢે તો મારી વાતમાં એમને ચોક્કસ વજૂદ લાગશે !

માવઠાનું જો કે એટલું ગજું નથી હોતું કે તડકાથી લાંબો સમય બાથ ભીડી શકે...માવઠાથી ઘેરાયેલું આકાશ એ અષાઢની હેલી નથી એવી એને પાક્કી ખબર હોય છે..ગમે એમ તો ય તડકો એ સૂરજનું સંતાન છે..ચોમાસાની હેલીને તો ઠીક છે એ આદરપૂર્વક અમુક દિવસો સુધી એની આણ સ્વીકારી લે છે..પણ માવઠાના મારમાંથી બેઠાં થતાં એને વાર નથી લાગતી !

માવઠું એ આમ તો પરોપજીવી છે..હવાને કોઇક દબાવે એટલે એ ઉંચું નીચું થાય છે..વરસાદ એને સાથ આપે છે પણ એ પરાણે થયેલી પ્રીત જેવો સંગાથ હોય છે..હવાનું દબાણ જયાં ઓછું થાય એટલે માવઠું ઉચાળા ભરી જતું હોય છે..આકાશ મન વગર ભીંજાયું હોય છે..વૃક્ષો વનરાજી પણ પરાણે નવડાવેલાં બાળકોની જેમ સમસમીને રાહ જોઇ રહયાં હોય છે..એટલે જ જયાં આકાશમાંથી તડકો જરીક ડોકિયું કરે એટલે એક હર્ષોલ્લાસ થઈ જતો હોય છે..

મારો આશય જો કે માવઠાની પોકળતાને ખોલવાનો નથી..મને તો એક અંતરાલ પછી મળેલા તડકાનો રોમાંચ છે..શિયાળાની સવાર ઉપર નિબંધો લખાયા છે..સૂર્યોદય કે સંધ્યા સમયની એની છટાઓ ઉપર કવિઓ વરસ્યા છે..કોમળ કિરણ ને ફૂટતું પ્રભાત એવા ગદ્યખંડો લખાયા છે..પણ માવઠા પછી મથામણ કરતા તડકાની ખુમારી ઉપર કોઇએ શૌર્ય ગીત લખવું જોઇએ..!

મને લાભશંકર ઠાકરનું કાવ્ય તડકો યાદ આવી જાય છે..'પીગળે પીગળે પડછાયાના પ્હાડ..' એવાં એમાં આવર્તનો છે..પરોઢના ઝાકળના તડકા વિશે એમણે વાત કરી છે...આજનો તડકો પણ મને એવો જ લાગ્યો..તડકો આપણા પડછાયાને ઓગાળે છે..એને અવનવા ઘાટ આપે છે..આપણી જાતે સાથે પણ કશુંક આવરણ કુદરતે લપેટયું છે એનો સતત એહસાસ કરાવે છે..! અને એટલે જ માવઠાથી મુકિત પછીની આ સવાર મારા પડછાયા સાથે જ મારૂં મિલન કરાવતી હોય એવું લાગે છે...

# વિવાદ વધારે, કમાણી પણ વધારે




શાહરુખ ખાન અને દિપીકા પાદુકોણ અભિનિત યશરાજ બેનર હેઠળની ફિલ્મ 'પઠાણ' સિનેમાગૃહોમાં આવશે કે કેમ? એ પ્રશ્ન હતો. પણ ૨૫ જાન્યુઆરીએ ફિલ્મ રજૂ પણ થઈ અને સિનેમા સાથે સંકળાયેલા કેટલાક રેકોર્ડ પણ એણે તોડ્યા. ફિલ્મની શરુઆતમાં એ જ આવકના રેકોર્ડ તોડ્યા અને ફિલ્મ રજૂ થાય એના પ્રથમ સપ્તાહો થતી આવકમાં એણે બધાને પાછળ મૂકી દીધા. ફિલ્મ સાથે ગમે તેટલો વિવાદ સાંકળવામાં ઓ પણ ફિલ્મનો અભિતા 'બાદશાહ ખાન' તરીકે ઓળખાતો હોય અને એની એક ઝલક માટે સૌ દીવાના હોય તો એ ફિલ્મ સફળ થાય અને સફળતાના બધા રેકોડ તોડે એ સ્વાભાવિક છે. શાહરુખ ખાનનો જાદુ આખી ફિલ્મમાં છવાયો છે. વળી, ચાર વર્ષ બાદ શાહરુખ ખાનની ફિલ્મ રજૂ થઈ છે એટલે ક્રેઝ તો રહેવાનો !

ફિલ્મના ગીતોને લઈને કે શાહરુખ ખાનને પઠાણ તરીકે લઈને વિવાદ થયો હતો પણ એ વિવાદ ફિલ્મના જમા પક્ષે રહ્યો. એવું સમીકરણ બાંધી શકાય કે ફિલ્મ સાથે જેટલો વિવાદ વધુ જોડાયેલો હોય ફિલ્મ વધારે સફળ થાય અને વધુ આવક મેળવે ? શાહરુખ ખાનની 'પઠાણ' સંદર્ભે તો આ સમીકરણ સાચું જ પડે છે અને ફિલ્મ અત્યારે ધૂમ મચાવી રહી છે.



મન-રંજન
દ્વનિલ પારેખ

આમ તો 'પઠાણ' એક સામાન્ય સ્તરના મસાલા ફિલમ છે. યશરાજ બેનર હેઠળ ઘણા વખતે આવી મસાલા ફિલ્મ રજૂ થી છે. ફિલ્મના આકર્ષક પાસામાં ખલનાયક તરીકે જહોન અબ્રાહ્મ છે એને આ ફિલ્મમાં ખલનાયક તરીકે જોવો ગમે એવો અને અભિનય છે. નાયક કેન્દ્રી ફિલ્મ હોય અને એમાં પણ શાહરુખ ખાન નાયક હોય ત્યારે ભલેને દીપિકા પાદુકોણ અભિનેત્રી હોય એ નાયિકાના ભાગે ગીતો ગાયા સિવાય ભાગ્યે જ કોઈ ભૂમિકા રહેતી હોય છે, હાલ હકીકત એ છે કે 'પઠાણ' ફિલ્મ વિવાદોની વચ્ચે પણ ધૂમ કમાણી કરી રહી છે.

# ફેંગશુઈમાં વિવિધ સોર્સ

ફેંગશુઈ માં વિવિધ પેન્ટિંગ વિશે જાણ્યા બાદ હવે આપડે ફેંગશુઈ ના બીજા ક્યોર્સ વિશે જાણીશું જે બજાર માં એક ચોક્કસ આકાર માં અને મટીરીયલ માં મળતા હોય છે.આજે આવા કેટલાક સ્રોત વિશે જાણીએ.આમ તો આ ક્યોર્સ વિવિધ સુશોભન







કરવામાં જ ઉપયોગ થાય છે પણ ફેંગશુઈ ની નજરેથી જોતા તે ખુબજ મહત્વના બની જાય છે અને એક ચોક્કસ દિશા અને યોગ્ય ઉપયોગ માટે ઉપયોગી થાય છે.એક સાર્વભૌમિક સત્ય છે કે બ્રહ્માંડ ની પ્રત્યેક વસ્તુ માં એનરજી હોય છે ભલે તે જીવિત હોય કે મૃત વસ્તુ.દરેક વસ્તુ એક વિશેષ પ્રકાર ની ઉર્જા થી સંચાલિત થતી હોય છે અને આજ ઉર્જા ગ્રહો માં પણ હોય છે અને પ્રત્યેક ગ્રહ ના પ્રતિનિધિ રૂપ ક્રિસ્ટલ અને રત્નો પણ હોય છે.જેમાં એક કે એક કરતા વધરે ક્રિસ્ટલ નો ઉપયોગ કરવામાં આવે છે આંજે આપણે એવાજ ક્રિસ્ટલ ના વિવીધ ફેંગશુઈ છોડ વિશે જોઈએ.



વાસ્તુ અને ફેંગશુઇ
હિતેશ પટેલ

૧- ડ્રેગન બુદ્ધા- ડ્રેગન બુધ્ધા સુખ, સંપત્તિ, સ્વાસ્થ્ય, સૌભાગ્ય વગેરેનું પ્રતિક માનવામાં આવે છે. તમામ પ્રકારના લાફિંગ બુદ્ધા ની બનાવટ ની આ ડ્રેગન બુધ્ધા માં સમાવેશ થયેલો હોય છે. આમાં ફેંગશુઈની મોટાભાગની આઈટમ નો સમાવેશ થયેલો છે.સિક્કાઓ ઉપર કાચબો હોય છે અને તેના ઉપર ડ્રેગન હોય છે અને તેના ઉપર ડ્રેગન બુદ્ધા હોય છે. સિક્કા ઉપર બેઠેલા ડ્રેગન બુદ્ધા એ વાતનું પ્રતીક છેકે હંમેશા ઘરમાં કે ઓફિસમાં એ વ્યક્તિ પાસે ધન સંપત્તિની બરકત રહેશે અને ડ્રેગન ની પૂછ શત્રુથી આપની રક્ષા કરશે એવું માનવામાં આવે છે. બિઝનેસ માટે પણ આ એક મહત્વનો ઉપાય છે. માત્ર તેને શયનકક્ષ માં ન રાખવા જોઈએ, અને તેનું મુખ હંમેશા દરવાજા તરફ રાખવું જોઈએ. તેમજ આવનાર ની દ્રષ્ટી તેના પર પડે તેવી રીતે મૂકી શકાય છે.લાલ કપડા ઉપર ૧૦ રૂપિયાની નોટ ઉપર મૂકી શકાય છે.આ ઉપરાંત પરિવારના લંબા આયુષ્ય માટે પણ તે પ્રતિક રૂપે હોય છે.અહી ડ્રેગન શક્તિ નું પ્રતિક છે અને સિક્કા એ ધન સંપતિ નું પ્રતિક છે.તે ખુબજ પોજીટીવીટી થી ભરપૂર હોય છે.

૨-નવરત્ન નો છોડ- નવરત્નો માંથી બનાવવામાં આવે છે. સુખ સમૃધ્ધિ માં તે મદદરૂપ નીવડે છે. નવ ગ્રહની શાંતિ માટે નવરત્નનો કૃત્રિમ બનાવેલ છોડ ઘરમાં રાખવો ખૂબ શુભ હોય છે. તેને આપણે ટેબલ ઉપર દુકાનમાં ઓફિસમાં ઘરમાં શોકેસમાં રાખી શકીએ છીએ. પરિવારની સુખ સમૃધ્ધિ માટે તે જરૂરી છે. ઘરમાં રાખવાથી એકબીજાને વ્યક્તિ પ્રત્યે પ્રેમ વધે છે અને લડાઈ ઝઘડા થતા નથી. તેની કોઈ વિશેષ દિશા હોતી નથી પરંતુ પૂર્વ દિશામાં રાખવો શુભ છે.સૂર્ય નો પ્રકાશ સીધો જ આ નવરત્ન ક્રિસ્ટલ છોડ પર પડે તે રીતે તેને મુકવો જોઈએ.આ છોડ નેગેટીવ ઉર્જા દૂર કરી ને પોજીટીવ ઉર્જા માં ફેરવે છે.વાસ્તુ દોષ દૂર કરે છે.નિયમિત રૂપે તેની સાફ સફાઈ કરવી જોઈએ.નવરત્ન છોડ માં નવ ગ્રહોના અકીક પત્થર થી બનેલા કટિંગ રત્ન હોય છે.જેમાં બ્લુ,રેડ,ગુલાબી,બ્લેક,યલો,સફેદ,કોફી,ગ્રીન જેવા નાના પત્થર હોય છે.નવરત્ન છોડ ખુબ જ શુભ હોય છે.

૩-ક્રિસ્ટલ ટ્રી- તે ક્રિસ્ટલ નાના નાના ટુકડાથી બનાવવામાં આવેલું હોય છે.તે ઉપરાંત સ્ફટિક ના ટુકડા માંથી પણ બનાવેલ હોય છે.તે ઘરમાં અને ઓફિસમાં ગમે તે જગ્યાએ મૂકી શકાય છે. વ્યાપારની ઉન્નતિ માટે ઉત્તર દિશામાં,સારા સ્વાસ્થ્ય માટે અને અભ્યાસ માટે ઉત્તર-પૂર્વ દિશામાં અને સારા સંબંધો માટે દક્ષિણ-પશ્ચિમ દિશામાં તેને મૂકી શકાય છે. નકારાત્મક ઊર્જાનું શોષણ કરીને સકારાત્મક ઊર્જા ફેલાવે છે.સુખ શાંતિ ની વૃદ્ધિ થાય છે.તેમજ નકારાત્મક ઉર્જા દૂર કરે છે.તેને સૂર્ય પ્રકાશ આવે ત્યાં રાખવાથી ઉર્જા નો પુષ્કળ ફેલાવો થાય છે.સૌભાગ્ય ની વૃદ્ધિ થાય છે.માનસિક શાંતિ મળે છે.ક્રિસ્ટલ ટ્રી વિવિધ કલર માં પણ મળતા હોય છે.

-hits8483@gmail.com

# "દોડભાગ ભરી જીંદગીમાં ધ્યાન ખૂદ પર થાય નહીં " કરે જો દ્રઢ સંકલ્પ, ને નાસીપાસ થાય બધી બીમારી એમ પણ બને"

આજની વ્યસ્ત,ટાર્ગેટ અને દોડભાગ વાળી અનિયમિત જિંદગીમાં આપણે શરીરનું ધ્યાન રાખવાનું ભૂલી ગયા છીએ. લક્ઝરિયસ લાઈફ અને ફાસ્ટફૂડ, બાહ્ય ખાણીપીણીથી આપણે આપણા શરીરની ઇમ્યુનિટી ઘટાડી રહયા છીએ.

પહેલું સુખ એટલે શરીર સુખ, કોઈ બીમારી વગર નિરોગી જીવન જીવવું એ સૌથી પહેલું સુખ છે. પણ આપણે એ જાતે જ તરછોડીએ છીએ. જેના કારણે આપણા શરીરમાં જાતજાતની બીમારી ઘર કરે છે.

આજના જીવનમાં બીમારીઓ જલ્દી ઘર કરી જાય છે.પણ એ બીમારી સામે હારી જવું અને જે પરિસ્થિતિ છે તેને સ્વીકારી લેવું એ કેટલા અંશે યોગ્ય છે ? ઘણા લોકો બીમારીથી હાર માની સ્વીકાર કરી લે છે.અને પોતાનું જીવન ટૂંકાવી દે છે, આત્મહત્યા કરી દે છે.

તો કોઈ એ બીમારી સાથે આખી જિંદગી જીવે છે.

પણ એ બીમારી સામે લડીને તેને પરાસ્ત કરે છે.

અને ફરીથી એક નિરોગી જીવન જીવે છે.

ગંભીર બીમારીથી પણ લડી તે વોરિયર્સ આજ નોર્મલ લાઈફ જીવે છે. એ પાછળનું કારણ શું છે ? શું એમની ઇમ્યુનિટી બીજાથી વધારે હશે? એમની સહનશક્તિ વધારે હશે ? એમને ટ્રીટમેન્ટ સારી મળતી હશે?

તો જવાબ છે ,ના એ લોકો પણ આપણી જેમ સામાન્ય માણસ જ છે. પરંતુ એ આટલું કઠણ કામ કરી શક્યાં છે પોતાની મનની મક્કમતાથી, પોતાની પોઝીટીવ દ્રઢ સંકલ્પ શક્તિથી, આત્મ મનોબળ થી, બીમારી સાંમેનો જંગ જીતવાની તીવ્ર ઈચ્છા શક્તિથી.

તમારા મનના મનોબળથી, તમારી આંતરિક ઇચ્છાશક્તિથી કોઈપણ પરિસ્થિતિને પોતાના અનુકૂળ ઢાળી શકાય છે. પણ તમે અંદરથી હારી જશો, નાસીપાસ થઈ જશો તો તમે ક્યારેય એ ખરાબ પરિસ્થિતિથી બાહર નઈ આવી શકો.

પણ આટલી બીમારીમાં આ પોઝીટીવ વિચારો ક્યાંથી લાવવાં ?



એમ પણ બને !
પારૂલ અમિત

આપણું મનપસંદ કામ કરી ને, હસી હસાવીને, નાની નાની વાતમાં ખુશી શોધીને, સકારાત્મક વિચારધારા વાળા લોકોને મળીને. જ્યારે આપણે આપણું મન બીમારીમાંથી ડાયવર્ટ કરીને ખુશીમાં પરોવશું.

મિત્રો, આપણું મન એટલું પાવરફૂલ છે કે આપણે ઈચ્છીએ તો કોઈપણ ગંભીરમાં ગંભીર બીમારી પણ મનની શક્તિથી દૂર થઈ શકે છે જરૂર છે માત્ર મનને સારાં ખોરાકની.

મનનો સારો ખોરાક એટલે સારાં પોઝિટિવ વિચારો .

આપણે મનને જેવો આદેશ આવીશું તેવું કામ એ કરશે.

જો આપણે મનને આદેશ આપી દઈએ કે આપણે બીમાર છીએ તો જો બીમાર ન પણ હોઈએ તો પણ શરીર બીમાર થઇ જશે.

માટે જ્યારે પણ કોઈ આવી પરિસ્થિતિ સર્જાય ત્યારે દવા અને ડોક્ટરની સલાહ સાથે મનની શક્તિને પણ મજબૂત કરવાનું જરૂરી છે.

૭. આપણું આ મન એ સ્મરણ શક્તિનો ભંડાર છે. એની અંદર આપણે જેટલું ભરવું હોય તે ભરી શકાય. પણ જો એમાં આપણે નકારાત્મક વિચારો, ભાવનાઓ અને નકારાત્મક ઉર્જા ભરીશું તો આપણી પ્રગતિ અને સ્વાસ્થ્ય અવરોધશે, અને જો સકારાત્મક વિચારો, ભાવના અને સકારાત્મક ઉર્જાને ભરીશું તો સ્વસ્થ શરીરે

પ્રગતિના પંથે આગળ વધી શકીશું.

અને સ્વાસ્થ્યને પામી શકીશું.

કારણ આજની જીવનશૈલીમાં તણાવ, ઉચાટ ના કારણે શરીરને લગતી કેટ કેટલી બીમારીઓ છે. જેનો યોગ દ્વારા મનોબળ મજબૂત કરી અંત લાવી શકાય છે.

માત્ર શારીરિક જ નહિ, પણ માનસિક ટોનિક અને સ્વાસ્થ્ય પણ જરૂરી છે. આપણે માત્ર શારીરિક જ સ્વાસ્થ્ય વિશે વિચારીએ અને સમજીએ છીએ.અને તેના માટેના જ પ્રયાસો કરતા રહીએ છીએ. પણ મનનું શું ?

અત્યારે સ્વાસ્થ્ય,સંબધો, આર્થિક સદ્ધરતા, ભણતર અને બીજા ઘણા બધા પ્રશ્ન આખા વિશ્વને મુંજવી રહ્યા છે. જીવનમાં આવતા ઉતાર ચડાવની ઘટનાને એક બોધપાઠ સમજી ખરાબ બનાવ તરીકે કે પીડામય તરીકે મુલવવામાં દિવસો પસાર કરવાને બદલે સ્વીકારી લઈએ ઘટનાને અને નવા સકારાત્મક માર્ગ તરફ નીકળી પડીએ.

જીવન બહુ નાનું છે , સમય ઝડપથી સરકી રહ્યો છે

વેદનાને દર્દ અગાધ અને અમાપ છે જીવનમાં. સાથે દરેક પળ કિંમતી છે , એટલે જ આપણે વેદનાને શસ્ત્ર બનાવી અંધકારમય જિંદગીમાં સુખનો સૂર્યોદય કરવાનો છે.

સાહસ કરીએ, પરિવર્તનને અપનાવીએ કારણ સુખમય જીવન આપણી રાહ જોઈ રહ્યું છે.

સુખી રહેવા નેગેટિવ વિચારોને હઠાવો" પણ નકારાત્મકતાને હઠાવવા માટે સહુ પ્રથમ આપણી શારીરિક હેલ્થ પાવરફૂલ હોવી જરૂરી છે ". થોડી બીમારી આવતા આપણે નકારાત્મક વિચારોથી ભાવુક બની જઈએ છીએ ,અને નાની પીડા મોટુ સ્વરૂપ લેતી હોય છે.

આવી સ્થિતિથી પ્રભાવિત થઇ આપણી સંવેદનશીલતા ઝડપથી પરિસ્થિતિમાંથી પીછહેઠ કરી લે છે. પછી હતાશા અનુભવે છે

parulamit198@gmail.com
7201001482

# "ઘરના ઘર, ફળીયામાં નળ ને છોકરા લાઈનસર"

ઘર બસા કે દેખો . . . બાળપણમાં ઘરોંદા નામના ફિલ્મનું એક ગીત રેડિયો ઓર બહુ સાંભળેલું. સૌરાષ્ટ્રમાં ઘણા વખતે બે વ્યક્તિઓ મળે ત્યારે ખબર અંતર પૂછવાનો અનોખો તરીકો હોય. પહેલો પૂછે "કાં ?" એટલે બીજો તરત જવાબ દે "એયને હાકલા હો". ફરી પ્રશ્ન આવે "ક્યો" એટલે જવાબ મળે " ઘરના ઘર, ફળીયામાં નળ ને છોકરા લાઈનસર".

દો દીવાને શહર મેં, રાત મેં ઔર દોપહર મેં,

આબ-ઓ-દાના ઢૂંઢતે હૈં, એક આશિયાના ઢૂંઢતે હૈં ?

ઘરોંદામાં એ જમાનામાં આ ગીત જેટલુ વાગતું, એટલું જ ગણગણાતું. અમોલ પાલેકર અને ઝરીના વહાબની એક્ટિંગ અને ભુપીન્દર અને રુના લૈલાના કંઠે ગવાયેલું આ ગીત કોઈ મુંબઈમાં મધ્યમ વર્ગની પોતાનું ઘર બનાવવાની ઝંખના પ્રતિપાદિત કરતું હતું, અને એટલે જ લોક હૈયે વાસી ગયેલું. ત્યારે આમ જુઓ તો સોંઘવારીનો જમાનો પણ તોય ઘરનું ઘર બનાવવું દોહ્યલું હતું. ફિલ્મ હોય, નાટક કે પછી સાહિત્ય હોય, આમાં જનતાની ભાવનાઓ જ્યાં પ્રતિબિંબિત થાય તે સફળ જ રહે.

અપના ભી એક આશિયાના હોંગા . . . આ પૃથ્વી પર વસતા દરેક જીવની આ તમન્ના હોય છે કે પોતાનું એક ઘર હોય . . . જ્યાં એ વસે, શ્વસે અને ફુલે-ફાલે . . . જ્યા એ સલામત અને અંગતપણું અનુભવે. આ માનવીય જ નહીં પરંતુ દરેક જીવની અંદર વણાયેલી એક અદમ્ય ઈચ્છા હોય છે. સુઘરી નામનું પંખી તાણાવાણા ગુંથીને માળો બનાવે, માદા આવીને અંદરના કમ્ફર્ટ ચેક કરે અને જો એને રાસ આવી જાય તો સુઘરાનો બેડો પર. ન્યુ ગીનીનું બાવર બર્ડ તો જમીન પર મજાનો ઊંચા મિનારા વાળી કમાન જેવો માળો બનાવે, રંગબેરંગી ફૂલો, વસ્તુઓ ચોરી લાવે અને સજાવે . . . પછી માળો ચેક કરવા માદાઓ આવે . . . તપાસે અને પછી યોગ્ય લાગે તો નર સમક્ષ સમર્પણ કરે . . . એય ને પછી તો લીલા લેર . . .

વાઘ સિંહને પોતાની બોડ રૂપે આશિયાના હોય, સર્પોને રાફડા અને દર હોય . . . કેટલીક માછલીઓને પણ પોતાનું ખાસ નિવાસસ્થાન હોય છે . . . એક દરિયાઈ કરચલો તો શંખના ખાલી ખોખામાં પોતાનું ઘર સજાવે અને એ શંખ પર ભાતભાતની દરિયાઈ વનસ્પતિ અને પરવાળાના ટુકડા સજાવે . . . કારણ કે એ પણ પોતાનું આશિયાના સજાવવા ઝંખે છે . . . તો પછી માનવ માદાને આકર્ષવા અને લલચાવવા માટે પોતાનું આશિયાના બનાવવા અને સજાવવાની ધખના રાખે જ ને ? અમે નાના હતા ત્યારની વાત છે . . . મારા લખાણો નિયમિત રીતે વાંચતા મિત્રો મારા બાળપણની રાજધાની એવા પાનેલી મોટીને જાણી જ ગયા છે. ત્યાં આજ થી આશરે ૩૮ કે ૪૦ વર્ષો પૂર્વે એક નવતર કેબીન ખુલી . . . નામ તો જુઓ એનું . . . "ઘર બસા કે દેખો" !



જાત સાથે વાત
ધર્મેન્દ્ર ત્રિવેદી

અમે એ વખતે ઘર વસાવવું એટલે શું અને માદાને આકર્ષવી તો એક તરફ પણ નર માદા વચ્ચેનો તફાવત પણ નહોતા સમજતા. ભલે ખબર નહોતી તો પણ અમે એ ગલ્લા સામે ઊભા રહીને એમાં વેચાતા સાજ-સામાનને જોઈને એટલું સમજેલા કે જો કોઈને નવું ઘર વસાવવાનું હોય તો અહીં બધું જ કિફાયતી ભાવે ઉપલબ્ધ છે. એ વખતથી જ આ ગલ્લાનું ટાઇટલ અમારા ચિત્તમાં વસી ગયેલું. પછીથી અમે એને યાદ કરીને ઘણી વાર એની સામે ઊભા રહીને જોયા કરતા ! વર્ષો બાદ જ્યારે બાળપણની રાજધાનીની પુનઃમુલાકાત દરમિયાન અમોને મોકો મળ્યો ત્યારે અમે એ ગલીની મુલાકાત લીધી. ત્યાં ગલ્લો જ નહોતો. નિરાશામાં આમતેમ ડાફોળીયા મારતાં સામેની દુકાન પર એ જ "ઘર બસા કે દેખો"નું બોર્ડ જોતા અમારું હૈયું કેટલાંક ધબકારા ચુકી ગયું . . . અહા . . . અમોને હાશકારો થયો કે . . . અમારી બાળપણના સમયે ભલે માત્ર બે જ માળના મકાનો પણ અમને આશ્ચર્યચકિત કરતાં. આજે એ ગામ પ્રગતિ કરીને પાંચમાળીયા બિલ્ડીંગોથી ઉભરાતું હોય, અને નગર બનવા થનગની રહ્યું હોય, પણ અમારા માટે અમારી બાળપણની રાજધાનીનું "ગામડું" હજુય આ "ઘર બસા કે દેખો"ની હયાતીમાં જ સંગોપાયેલું છે.

**હેન્ડબ્રેક:**

દરેકના જીવનની એક કથા હોય છે
અને તે કથાના મૂળ ઘરમાં હોય છે.

Cell : 9978405967